વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ નો ભેદ સમજ સહેલ.

વ્યંજન એટલે ઇંદ્રિય અને વિષયનો સંબંધ માત્ર. ઇંદ્રિય અને વિષયનો પરસ્પર સંબંધ થતાં અત્યંત અવ્યક્ત જ્ઞાન થાય તે વ્યંજનાવગ્રહ. વ્યંજનાવગ્રહ થયા બાદ "કંઇક છે" એમ વ્યક્ત જ્ઞાન થાય તે અર્થાવગ્રહ.

અવ્યક્ત જ્ઞાન નો અર્થ: જેમ માટીના કોરા વાસણોને કે ગરમ તવી ઉપર પાણીના છાંટા નાંખી ભીંજવવાનું શરૂ કરવામાં આવે ત્યારે કોઇક છાંટા પડવા છતાંયે તે એકદમ સુકાઈ જાય છે કે જોનારને તે ભીંજાયેલું લાગતું નથી તો પણ યુક્તિથી તે 'ભીનું છે' તે વાત માનવી જ પડે છે.

તેવી જ રીતે કાન, નાક, જીભ અને ત્વચા (ચામડી) એ ચાર ઇંદ્રીયો પોતાના વિષયો સાથે સ્પર્શ થવાથી જ્ઞાન પેદા કરી શકે છે. તેથી પ્રથમથી જ થોડા વખત સુધી વિષયનો મંદ સંબંધ શરૂ થઈ ગયો છે તેથી જ્ઞાનનું થવું પણ શરૂ થઈ ગયું છે એ વાત યુક્તિથી અવશ્ય માનવી પડે છે. તે શરૂ થયેલા જ્ઞાનને અવ્યક્ત જ્ઞાન અથવા વ્યંજનાવગ્રહ કહે છે.

મન અને ચક્ષુ દ્વારા થતું જ્ઞાન વિષય સાથે સ્પર્શથી થતું નથી પણ દૂર રહેવાથી જ થાય છે. તેથી મન અને ચક્ષુ દ્વારા જે જ્ઞાન થાય તે વ્યક્ત કહેવાય છે. ચક્ષુ તથા મન દ્વારા થતું જ્ઞાન અવ્યક્ત હોતું જ નથી તે ચક્ષુ અને મન નો વ્યંજનાવગ્રહ થતો નથી, અર્થાવગ્રહ પાંચેય ઇંદ્રીયો અને મન દ્વારા થાય છે.

વ્યંજનાવગ્રહના ઉદાહરણો:

સ્પર્શેન્દ્રિય: શરીર ની પાછળ કીડી ચઢી, પણ બોધ ન થયો.

રસનેન્દ્રિય: દાળ ચાખી. ઘણા સમય સુધી ખબર ન પડી કે શું ચાખ્યું છે.

ઘ્રાણેન્દ્રિય: દુર્ગંધ આવે છે પણ મિત્ર વાતચીતમાં મશગુલ. ખબર ન પડી.

શ્રવણેન્દ્રિય: તમે ઘોર ઊંઘમાં છો. પહેલી પાંચ બુમ પાડી અને ખબર ન પડી.

આમ ચાર ઇંદ્રીયો વિષયને અડે અને બોધ ન થાય ત્યાં સુધી તે ચાર ઇંદ્રિયોમાં વ્યંજનાવગ્રહ થાય છે.

**શ્રુતનિશ્રિત મતિજ્ઞાન અને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનમાં શું ફેર?**

ગુરૂ પાસેથી કે ગ્રંથોમાંથી જાણવા મળે તે શ્રુત. આ શ્રુતથી સંસ્કારિત બનેલ મતિજ્ઞાન શ્રુતનિશ્રિત છે. અર્થાત પૂર્વે ઉપદેશ વગેરે દ્વારા જાણ્યું હોય પણ વ્યવહાર કાળે (શ્રુતનો ઉપયોગ કરવાના સમયે) ઉપયોગ વિના થતી મતિ શ્રુતનિશ્રિત છે. દાખલા તરીકે પ્રતિક્રમણમાં કહેવામાં આવે કે મુહપત્તિનું પડીલેહણ કરો. હવે કંઈ પણ વિચાર કર્યા વિના આપણે પડીલેહણ કરીએ તે મતિજ્ઞાન શ્રુતનિશ્રિત છે. શ્રુતનિશ્રિતમાં પૂર્વે જાણેલું હોય છે, પણ કાર્યસમયે તેનો (પૂર્વે જાણેલાનો) ઉપયોગ હોતો નથી. આમ પૂર્વે જાણેલ હોય, પણ વ્યવહારકાળે તેનો ઉપયોગ કર્યા વિના ઉત્પન્ન થતી મતિ (બુદ્ધિ) શ્રુતનિશ્રિત છે.

**અશ્રુતનિશ્રિત:** પૂર્વે ક્યારે પણ જાણ્યું જ ન હોય છતાં વિશિષ્ટ પ્રકારના મતિજ્ઞાનના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી મતિને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહે છે. જેમ કે અભયકુમાર, બીરબલ વગેરેની હાજરજવાબી બુદ્ધિ. અશ્રુતનિશ્રિતના ચાર ભેદ છે.

(૧) ઔત્પાતિકી: વિશિષ્ટ પ્રસંગ ઉપસ્થિત થતાં તે પ્રસંગને પાર પાડવામાં એકાએક ઉત્પન્ન થતી બુદ્ધિ. દા.ત. તમે જૈનો સૂર્યદેવને ભગવાન કેમ નથી માનતા? તેના જવાબમાં, અમે તો તમારાથીય વધુ ભગવાન માનીએ છીએ .... (details - classમાં ચર્ચા કરી છે) બુદ્ધિપૂર્વક સામેનાને ચૂપ કરી દીધો. એમ શાસ્ત્ર સંગત ન હોવા છતાં બુદ્ધિપૂર્વક...

(૨) વૈનયિકી: ગુરૂ પાસેથી પ્રાપ્ત થતી વિશિષ્ટ પ્રકારની બુદ્ધિ

(૩) કાર્મિકી: અભ્યાસ કરતા પ્રાપ્ત થતી બુદ્ધિ

(૪) પારિણામિકી: જીવનના અનુભવોમાંથી પ્રાપ્ત થતી બુદ્ધિ. દા.ત. રાજા અને વૃદ્ધ ના યુવાન મંત્રી વચ્ચેની ચર્ચા: વૃદ્ધ મંત્રીઓએ યુવાન મંત્રીઓને ચૂપ કરી દીધા (discussed in class).

આ પ્રમાણે અશ્રુતનિશ્રિતના ૪ ભેદ સહિત મતિજ્ઞાનના કુલ ૩૪૦ ભેદ થાય છે. સામાન્ય રીતે મતિજ્ઞાનના મૂળ ૨૮ ભેદ ગણાવ્યા છે.

ચંદ્રકાન્ત મહેતા



ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી તત્વાર્થાધિગમ સુત્ર
અધ્યાય - ૧
સુત્ર ૧-૧૯ થી ૧-૨૨

આમ સ્પર્શએન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને કર્ણેન્દ્રિયના દરેકના પાંચ (વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય, ધારણા ) ગણતા ૨૦ ભેદ થયા. ચક્ષુન્દ્રિય તથા મનના ચાર, ચાર ( અર્થાવગ્રહ, ઇહા, અપાય, ધારણા) ૮ ભેદ થયા. આમ મતિજ્ઞાનના અત્યાર સુધી મુખ્ય ૨૦ + ૮ =૨૮ ભેદ થયા.

## ૧-૧૯ બહુ- બહુવિધ-ક્ષિપ્ર-નિશ્રિતાસંદિગ્ધ ધ્રુવાણાંસેતરાણામ

મતિજ્ઞાનના બહુ - બહુવિધ - ક્ષિપ્ર -નિશ્રિત - અસંદિગ્ધ અને ધ્રુવ એ છ- છ ભેદો છે. તથા તેના વિરોધી ( સંતરાણામ એટલે સઃ ઇતરાણામ ) પણ છ -છ ભેદો છે. કુલ બાર ભેદ છે. મતિજ્ઞાનના કુલ ૨૮x૧૨ =૩૩૬ ભેદો થયા. હવે અર્થ જોઇએ. ઘણા દ્રવ્યો જાણવા તે બહુ , ઓછા દ્રવ્યો જાણવા તે અબહુ. જુદા જુદા પર્યાય જાણવા તે બહુવિધ, માત્ર બે કે ત્રણ પર્યાય જાણવા તે અબહુવિધ, વસ્તુને જલ્દીથી જાણવી તે ક્ષિપ્ર, ધીમે ધીમે વસ્તુને જાણવી તે અક્ષિપ્ર, કોઇ અવલંબનથી વસ્તુને જાણવી તે નિશ્રિત, અવલંબન વિના જાણવું તે અનિશ્રિત, કોઇ શંકાથી વસ્તુને જોવી તે સંદિગ્ધ, શંકા વિના જોવી તે અસંદિગ્ધ, કાયમ યાદ રહે તે ધ્રુવ, જાણ્યા પછી ભુલી જવાય તે અધ્રુવ. આમ ૬ + ૬ = ૧૨ ગણતા, ઉપરના ૨૮ પ્રકારના મતિજ્ઞાન દરેકના બાર, બાર ગણતા કુલ ૨૮x ૧૨ =૩૩૬ ભેદ થયા.

## ૧- ૨૦ શ્રુતં મતિપૂર્વં દ્વયનેકદ્વાદશ ભેદમ

શ્રુતમ + મતિપૂર્વમ + દ્વિ + અનેક + દ્વાદશ + ભેદમ

વીસમા સુત્રથી શ્રુતજ્ઞાનનું સ્વરૂપ પૂ. ઉમાસ્વાતિજી સમજાવે છે. શ્રુતજ્ઞાન મતિપૂર્વક જ થાય. કોઇ બોલે અને આપણે સાંભળીએ તે મતિજ્ઞાન પણ કાનમાં અથડાયેલા શબ્દો વડે (સાંભળવા પડે ) જે ભાવાર્થ સમજાયો તે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનના મુખ્ય બે ભેદ છે. (૧) અંગ બાહ્ય અને (૨) અંગ પ્રવિષ્ઠ . ગણધર ભગવંતોએ રચેલી દ્વાદશાંગી (૧૨ અંગ ) તે અંગ પ્રવિષ્ઠ કહેવાય. જ્યારે ઉમાસ્વાતિજી, હરિભદ્ર સુરીજી, હેમચંદ્રાચાર્યજીએ રચેલા નાના નાના ગ્રંથો અંગબાહ્ય કહેવાય. અંગબાહ્યના અનેક ભેદછે. જ્યારે અંગપ્રવિષ્ઠના ૧૨ ભેદ છે.

## ૧- ૨૧ દ્વિવિધોવધિઃ

દ્વિ + વિધ + અવધિઃ

અવધિજ્ઞાનના બે પ્રકાર છે. (૧) ભવપ્રત્યયિક અને (૨) ગુણ પ્રત્યયિક ભવના નિમિત્તે થાય ( દેવ- નારકી ) ને જે અવધિજ્ઞાન હોય તે ભવ પ્રત્યયિક જ્યારે અવધિજ્ઞાનાવર્ણીય કર્મના ક્ષયોપશમ થી થાય તે ગુણપ્રત્યયિક અથવા ક્ષયોપશમ પ્રત્યયિક પણ કહેવાય.

## ૧- ૨૨ ભવ પ્રત્યેયો નારકદેવનામ

નારક અને દેવ આ બે ભવમાં થતું અવધિજ્ઞાન ભવ પ્રત્યિક છે. પક્ષીમાં ઉડવાની શક્તિ, જળચર પ્રાણીને તરવાની શક્તિ, જંગલી પ્રાણીમાં હિંસકવૃતિ જન્મથી જ હોય છે. આમ ભવના નિમિત્તે થાય તે ભવ પ્રત્યયિક

નોંધ: મનુષ્ય અને તિર્યંચોમાં જે ભવમાં અવધિજ્ઞાન હોય તે ભવમાં અતીત અને અનાગત ૨ કે ૮ ભવ સુધી જોઇ શકે.

શ્રુતજ્ઞાનના મુખ્ય બે ભેદ : (૧) અંગબાહ્ય (૨) અંગપ્રવિષ્ટ

(૧) અંગબાહ્યના અનેક ભેદ છે. દ્વાદશાંગીના આધારે [પૂર્વાચાર્યોના] રચાયેલા ગ્રંથો અંગબાહ્ય કહેવાય.
દાખલા તરીકે તત્ત્વાર્થાધિગમ સૂત્ર, પ્રશમરતિ, કલ્પસૂત્ર, યોગ દૃષ્ટિ સમુચ્ચય, વિશેષાવશ્યક ભાષ્ય, દશવૈકાલિક સૂત્ર વગેરે

(૨) અંગપ્રવિષ્ટ એટલે ભગવાનની વાણી ઝીલીને ગણધર ભગવંતોએ રચેલા ગ્રંથો ને દ્વાદશાંગી તરીકે ઓળખાય છે.
૧, આચારાંગ ૨, સૂત્રકૃતાંગ ૩, સ્થાનાંગ ૪, સમવાયાંગ
૫, ભગવતીસૂત્ર ૬, જ્ઞાતાધર્મકથા ૭, ઉપાસકદશા ૮, અંતકૃતદશા
૯, અનુત્તરોપપાતિકદશા ૧૦, પ્રશ્નવ્યાકરણ ૧૧, વિપાક ૧૨, દૃષ્ટિવાદ.
આ દ્વાદશાંગીના આધારે ૪૫ આગમો રચાયા.

ભગવાનના નિર્વાણ પછી ૩ વર્ષ અને ૮½ મહીના પછી ચોથો આરો પૂર્ણ થયો.

ભગવાનની પાટપરંપરામાં મુખ્ય કોણ હતા?
સુધર્માસ્વામી — જંબુસ્વામી – પ્રભવસ્વામી - શય્યંભવસૂરિ - ભદ્રબાહુસ્વામી
જંબુસ્વામી (છેલ્લા) મોક્ષે ગયા પછી મોક્ષના દ્વાર બંધ થઈ ગયા.
ભદ્રબાહુસ્વામી છેલ્લા ૧૪ પૂર્વધર હતા.

પાંચમા આરામાં કઈ ૧૦ વસ્તુનો વિચ્છેદ થયો?
(૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિજ્ઞાન (૩) પુલાક લબ્ધિ
જેના વડે ચક્રવર્તીના સૈન્યનો નાશ કરી શકે.
(૪) આહારક શરીર (૫) ક્ષપક શ્રેણી (૬) ઉપશમ શ્રેણી
(૭) જિનકલ્પ (૮) પરિહાર વિશુદ્ધિ - યથાખ્યાત ચારિત્ર
(૯) કેવળજ્ઞાન અને (૧૦) મોક્ષ.
પાંચમા આરાને દુષમ કાળ કહેવાય છે.

ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી તત્વાર્થાધિગમ સુત્ર
અધ્યાય - ૧
સુત્ર ૧-૨૩ થી ૧-૨૬

## ૧- ૨૩ યથોક્તનિમિત્તઃ ષડ વિકલ્પઃ શેષાણામ

શેષાણામ એટલે બાકીના જીવો. ૨૨ મા સુત્રમાં દેવ નારકની વાત કરી, તો બાકીના મનુષ્ય અને તિર્યંચ ભવમાં ષડ વિકલ્પ એટલે છ વિકલ્પોથી ( ભેદથી ) થતું અવધિજ્ઞાન, યથોક્ત નિમિત્ત એટલે ક્ષયોપશમ પ્રત્યયિક છે.

(૧) અનુગામી (૨) અનનુગામી (૩) વર્ધમાન (૪) હીયમાન (૫) પ્રતિપાતી (૬) અપ્રતિપાતી.

<u>અનુગામી :</u> ફાનસના દીવાની જેમ સાથે આવે. જીવ જ્યાં જાય ત્યાં સાથે આવે.

<u>અનનુગામી :</u> ઈલેક્ટ્રીકના બલ્બની જેમ સાથે ન આવે. જીવ બીજે જાય તો ઉપયોગ ન પ્રવર્તે.

<u>વર્ધમાન :</u> ઉત્પન્ન થયા બાદ વધતું જાય.

<u>હીયમાન :</u> ઉત્પન્ન થયા બાદ ક્રમશ : ઘટતું જાય.

<u>પ્રતિપાતી :</u> વીજળીના ઝબકારાની જેમ ઉત્પન્ન થઈને ચાલ્યુ જાય. અર્ધેથી ચાલ્યુ જાય

<u>અપ્રતિપાતી :</u> એટલે કાયમ રહે. આ પ્રકારનું અવધિજ્ઞાન જીવન પર્યંત રહે.

<u>નોંધ</u> દેવ નારકીના અવધિજ્ઞાનમાં અનુગામી અને અપ્રતિપાતી એમ બે જ ભેદો રહી શકે. મનુષ્યોને છ એ ભેદો રહી શકે

## ૧- ૨૪ ઋજુ - વિપુલપતી મનઃ પર્યાય

મનઃ પર્યયજ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ એમ બે ભેદ છે.

## ૧- ૨૫ વિશુધ્ધ્યપ્રતિપાતાભ્યાં તદ્વિશેષઃ

વિશુધ્ધિ + અપ્રતિપાત ભ્યામ તદ +વિશેષઃ

અર્થ : વિશુધ્ધિ અને પ્રતિપાત ( કાયમ ટકવું તે ) વડે ઋજુમતિ અને વિપુલમતિમાં વિશેષતા ( ભેદ ) છે. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન અવિશુધ્ધ અને પ્રતિપાતી છે. આવેલું જ્ઞાન ચાલ્યુ પણ જાય. જ્યારે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન વિશુધ્ધ અને અપ્રતિપાતી છે. એકવાર આવ્યા પછી ચાલ્યુ ન જાય અને કેવળજ્ઞાન અપાવે.

## ૧- ૨૬ વિશુધ્ધિ - ક્ષેત્ર - સ્વામિ - વિષયેભ્યોડવધિમનઃ પર્યાયયોઃ

અર્થ : અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં, વિશુધ્ધી ક્ષેત્ર, સ્વામી અને વિષય એમ ચાર પ્રકારે ભેદ છે.

<u>વિશુધ્ધિ :</u> અવધિ કરતા મનઃપર્યવ જ્ઞાન વધારે વિશુધ્ધ છે. અને પોતાના વિષયને વધુ સ્પષ્ટ જાણી શકે છે.

<u>ક્ષેત્ર :</u> અવધિજ્ઞાનનું ક્ષેત્ર મનઃપર્યવજ્ઞાન કરતા ઘણું વિશાળ છે. અવધિજ્ઞાનનું ક્ષેત્ર લોકપર્યંત છે. મનપર્યવજ્ઞાની માત્ર અઢીદ્વિપ (જંબુદ્વિપ, ધાતકીખંડ, ૧/૨ પુષ્કરવર ) માં રહેલા <u>સંજ્ઞી પંચેદ્રિય</u> (મનુષ્ય, તિર્યંચ, દેવ ) ના મનના વિચારોને જાણી શકે છે.

<u>સ્વામી :</u> અવધિજ્ઞાન ચારેય ગતિમાં રહેલા સમ્યગ દ્રષ્ટિ કે મિથ્યાદ્રષ્ટિ (નારકો ) જીવોને ઉત્તપન્ન થાય છે. મનઃપર્યવજ્ઞાન મનુષ્ય ગતિમાં સાતમા ગુણસ્થાને રહેલા સંયમી જીવોને (એટલેકે <u>ઉત્તમ</u> સાધુ - સંતોને ) જ ઉત્તપન્ન થાય છે. અને ૭ થી ૧૨ ગુણસ્થાન સુધી જ હોય છે.

<u>વિષય :</u> અવધિજ્ઞાનનો વિષય સર્વ રૂપી દ્રવ્યો અને તેના અલ્પ પર્યાયો છે. આમાં મનના <u>સ્થુલ</u> પર્યાયો આવી શકે. મનના ઉપર છલ્લા વિચારો જાણી શકે. પરંતુ મનઃપર્યવજ્ઞાની મનના વિચારોને સુક્ષ્મતાથી જાણી શકે. જેમકે જનરલ ડોક્ટર શરીરના બધા ભાગોનું સામાન્ય જ્ઞાન ધરાવે પણ સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર, શરીરના અમુક ભાગનું અત્યંત સુક્ષ્મ જ્ઞાન ધરાવી શકે.

નોંધ: વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયા બાદ અવશ્ય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય અને તે જ ભવમાં મોક્ષ પામે.

ચંદ્રકાન્ત મહેતા



ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી તત્વાર્થાધિગમ સુત્ર

અધ્યાય - ૧

સુત્ર ૧-૨૭ થી ૧-૩૨

## ૧- ૨૭ મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વ - સર્વપર્યાયેષુ

મતિ + શ્રુતયોઃ નિબન્ધઃ સર્વ + દ્રવ્યેષુ + અસર્વ + પર્યાયેષુ

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વડે સર્વ દ્રવ્યો ( રૂપી તથા અરૂપી ) જાણી શકાય છે. પરંતુ બધાજ પર્યાયોને જાણી શકાતા નથી. આ વિશ્વમાં સૌથી વધુ મતિ અને શ્રુતજ્ઞાન ગણધર ભગવંતો અને ચૌદ પૂર્વધરોને જ હોય છે. છતાં પણ તીર્થંકર જે ઉપદેશ આપે છે તેનો અનંતમો ભાગજ ગણધરો દ્વાદશાંગીમાં શબ્દો દ્વારા ગુંથી શકે છે. મતિજ્ઞાન વર્તમાનગ્રાહી હોવાથી ઇંદ્રીયોની શકતિ પ્રમાણે દ્રવ્યોના કેટલાક વર્તમાન પર્યાયોને જ ગ્રહણ કરી શકે છે. પરંતુ શ્રુતજ્ઞાન ત્રિકાળગ્રાહી હોવાથી ત્રણે કાળના પર્યાયોને થોડા ઘણા પ્રમાણમાં ગ્રહણ કરી શકે છે. માટે જ મતિ અને શ્રુતજ્ઞાન નો વિષય (નિબન્ધ ) સર્વ દ્રવ્યો અને થોડા પર્યાયો છે.

## ૧- ૨૮ રૂપિષ્વવધેઃ

રૂપિષુ + અવધિઃ

અવધિજ્ઞાન વડે સર્વ રૂપી દ્રવ્યો જોઇ શકાય છે. આત્મા, આકાશ વગેરે અરૂપી દ્રવ્યો અવધિજ્ઞાન વડે ન દેખી શકાય.

## ૧- ૨૯ તદનન્તભાગે મનઃપર્યાયસ્ય

તદ + અનન્ત ભાગે + મનઃપર્યાય + સ્ય

તેના ( તદ ) એટલેકે અવધિજ્ઞાનના અનંતમા ભાગનું મનઃપર્યવ જ્ઞાન વડે જોઇ શકાય છે. કારણકે માત્ર અઢી દ્વીપમાં ( મનઃપર્યવ જ્ઞાનીની મર્યાદા ) રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોવર્ગણાના પુદ્‍ગળો ૧૪ રાજલોકમાં રહેલા રૂપી દ્રવ્યો કરતા અનંતમા ભાગના છે.

## ૧- ૩૦ સર્વદ્રવ્ય - પર્યાયેષુ કેવલસ્ય

કેવળજ્ઞાન વડે સર્વ દ્રવ્યો (રૂપી તથા અરૂપી ) અને તેના સર્વ પર્યાયો જાણી શકાય છે. સર્વ દ્રવ્ય - સર્વ ક્ષેત્ર - સર્વ કાળ અને સર્વ ભાવ બધું જ કેવળજ્ઞાન વડે દેખાય. બાકીના ચાર જ્ઞાન ગમે તેટલા શુધ્ધ હોવા છતાં ચેતના શક્તિના અપુર્ણ વિકાસરૂપે હોવાથી એકપણ વસ્તુના <u>સમગ્ર</u> ભાવોને જાણવામાં અસમર્થ હોયછે. કેવળજ્ઞાન, ચેતનાશક્તિના <u>સંપુર્ણ</u> વિકાસ વખતે પ્રગટ થાય છે.

## ૧- ૩૧ એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ

એક + આદીનિ + ભાજ્યાનિ + યુગપદ્ + એકસ્મિન + આ + ચતુર્ભ્યઃ

એક આત્મામાં એક સાથે એકથી માંડીને ચાર (પહેલા ચાર જ્ઞાન ) જ્ઞાન, ભાજ્યાનિ એટલે વિકલ્પરૂપે હોય છે. સુત્રનો શબ્દાર્થ નીચે પ્રમાણે સમજવો.

એકાદીનિ આ ચતુર્ભ્ય : -- એકથી લઇને ચાર સુધીના જ્ઞાન, યુગપદ એટલે એકસાથે, એકસ્મિન એટલેકે એક જીવમાં હોઇ શકે છે. કેવળજ્ઞાનનું અન્ય કોઇપણ જ્ઞાનં સાથે સાહચર્ય એટલા માટે નથી કે તે પુર્ણ અવસ્થામાં પ્રગટે છે અને બીજા બધા જ્ઞાન પ્રગટે છે આત્માની અપુર્ણ અવસ્થામાં. કેવળજ્ઞાન ક્ષાયિક ભાવનું છે અને શેષ (બાકીના) ચાર જ્ઞાનો ક્ષયોપશમ ભાવના છે.

## ૧- ૩૨ મતિ શ્રુતાવધયો વિપર્યશ્ચ

મતિ + શ્રુત + અવધિ + વિપર્યયઃ + ચ

મતિ, શ્રુત અને અવધિજ્ઞાન વિપરીત એટલેકે અજ્ઞાન પણ હોય છે. સમ્યગ દ્રષ્ટિ જીવને મતિ, શ્રુત અને અવધિ જ્ઞાન રૂપે હોય છે. પરંતુ જીવને મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદય વખતે વસ્તુનો યથાર્થ બોધ થતો નથી એટલે મિથ્યાદ્રષ્ટિ જીવને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન અજ્ઞાનરૂપ કહેવાય છે.

: શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર :

અંગ પ્રવિષ્ટ શ્રુતજ્ઞાન

ગ્રંથોના મહત્તા: ગણધરો રચિત દ્વાદશાંગી 

| નામ | મુખ્યત્વે શું છે? |
|---|---|
| (૧) આચારાંગ | સાધુ મહાત્માના આચારોનું વર્ણન |
| (૨) સૂત્રકૃતાંગ | જૈન સિદ્ધાંતો, નવ તત્ત્વો, છ દ્રવ્યો |
| (3) સ્થાનાંગ | પદાર્થોની સંખ્યા તથા વ્યાખ્યા |
| (૪) સમવાયાંગ | જીવ-અજીવ, સ્વદર્શન, પરદર્શન |
| (૫) ભગવતીસૂત્ર | ગૌતમસ્વામી અને મહાવીરસ્વામી વચ્ચે સંવાદ |
| (૬) જ્ઞાતા ધર્મકથા | કથાઓ, ચરિત્રો અને ઉદાહરણો |
| (૭) ઉપાસક દશાંગ | જૈન ધર્મના ૧૦ ઉપાસકોની કથા |
| (૮) અંતકૃત દશાંગ | મરણાંત ઉપસર્ગ પૂર્વક મોક્ષ પામેલા ૧૦ મહાપુરુષોની જીવન કથા |
| (૯) અનુત્તરોપપાતિક દશાંગ | અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા ૧૦ મહાપુરુષોના જીવન ચરિત્રો |
| (૧૦) પ્રશ્ન વ્યાકરણ | પાંચ મહા પાપો તથા પાંચ મહાવ્રતો |
| (૧૧) વિપાક સૂત્ર | કર્મ ફળની ચર્ચા |
| (૧૨) દૃષ્ટિવાદ | આત્માની દૃષ્ટિઓનું વર્ણન જેમાં ૧૪ પૂર્વો છે. કાળ પ્રભાવે આ અંગ (દૃષ્ટિવાદ) વિચ્છેદ પામેલ છે. |

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર
અંગબાહ્ય શ્રુત જ્ઞાન

ચંદ્રકાંત મહેતા પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથો 

સૂર્ય પ્રજ્ઞપ્તિ
ચંદ્ર પ્રજ્ઞપ્તિ
જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ
પુષ્પ ચૂલિકા
ભક્ત પરીજ્ઞા
મહા પ્રત્યાખ્યાન
વીર સ્તવ
મહાનિશીથ સૂત્ર
વ્યવહાર સૂત્ર
દશા શ્રુતસ્કંધ
બૃહત્કલ્પ સૂત્ર
નંદી સૂત્ર
ઉત્તરાધ્યયન સૂત્ર
આવશ્યક સૂત્ર
દશવૈકાલિક સૂત્ર
તત્ત્વાર્થાધિગમ સૂત્ર ... વગેરે અનેક ગ્રંથો.

આમાંથી કેટલાક ૪૫ આગમોમાં સમાયેલા છે.

સંપ્રદાયના મતે ૪૫/૩૨ આગમો

## ૪૫ આગમો (શ્વેતામ્બર મૂર્તિપૂજક પ્રમાણે)

| | |
|---|---|
| ૧૧ અંગ ગ્રંથો (દ્વાદશાંગી) | ૬ છેદ સૂત્રો |
| ૧૨ ઉપાંગ ગ્રંથો | ૨ સૂત્રો |
| ૧૦ પ્રકીર્ણ ગ્રંથો | ૪ મૂળ સૂત્રો |
| 33 + | ૧૨ = ૪૫ |

## ૩૨ આગમો (શ્વેતામ્બર સ્થાનકવાસી/તેરાપંથી)

| | |
|---|---|
| ૧૧ અંગ ગ્રંથો | ૪ છેદ સૂત્રો |
| ૧૨ ઉપાંગ ગ્રંથો | ૨ સૂત્રો |
| | ૩ મૂળ સૂત્રો |
| ૨૩ + | ૯ = ૩૨ |